# : ફેન રીપેરીંગ કરવાના કામની શરતો:

(૧) સદર કામના કોન્ટ્રાકટની સમયમર્યાદા એક વર્ષની રહેશે. તેમજ જરૂર જણાય તો ત્રણ માસની સમયમર્યાદા લંબાવવામાં આવે તો મંજુર થયેલા ભાવે કામકરવાનું રહેશે.

**(૨)પંખા રીપેરીંગમાં લઇ ગયા પછીથી ત્રણ દિવસમાં રીપેર કરી પરત કરવાના રહેશે ત્યાં સુધી હંગામી ધોરણે ઠેકેદારશ્રી દ્વારા પંખા લગાવવાના રહેશે.**

(3) પંખા રીપેર કર્યા પછીથી સંબધીત જવાબદાર કર્મચારી/અધિકારીને ડીલીવરી ચલણ આપવાનુ રહેશે.

(૪) પંખા રીપેરીંગ કર્યા પછીથી એક વર્ષની ગેરેંટી આપવાની રહેશે.

(૫) રીપેર કરવા માટે લઇ જવામાં આવેલ કોઇપણ ફેન ચોરાઇ જાય ખોવાઇ જાય કે કુદરતી આફતથી અથવા ટેસ્ટીંગથી નુકશાન થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

(૬) પંખાની રીપેરીંગ કામગીરી નબળી કરેલ જણાશે તો સક્ષમ અધિકારીશ્રીને કરાર રદ કરી એસડી જપ્ત કરવાનો અધિકાર રહેશે.

(૭) ઇજારદારશ્રીએ ફેન રીવાઇન્ડીંગ કર્યાની તારીખ ફેન ઉપર પેઇન્ટ કરવાની રહેશે.

(૮) સમય મર્યાદામાં ફેન રીપેરીંગ થઇને ન આવે તો એક દિવસ લેખે રૂ.૧૦/- વસુલ કરવામાં આવશે.

(૯) ઇજારદારશ્રીને સોંપાયેલ કામગીરી કરવામાં નિષ્ફળ જશે તો તેમના જોખમ અને ખર્ચે ખાતા દ્વારા રીપેરીંગ કામ હાથ ધરવામાં આવશે. આ અંગેના ઇજારદાના કોઇપણ વાંધા માન્ય રાખવામાં આવશે નહીં.

(૧૦) ટેન્ડરના ભાવ તમામ ટેક્ષ અને ફેન રીપેરીંગ કરવા લઇ જવા તેમજ પરત કરવા સાથેના ભરવાના રહેશે.

(૧૧) સરકારશ્રીના નિયમોનુસાર ગ્રાન્ટ ઉપલબ્ધ થયે બિલનું ચુકવણું કરવામાં આવશે.

(૧૨) કરારખત કર્યા બાદ સ્થળ પરની હયાત સ્થિતી મુજબ ફેનની મરામત કરવાની રહેશે. તેમાં સંજોગો વસાત કરારખત કરતા ફેન નો જથ્થો ઓછી/ વધુ સંખ્યામાં પણ મળી શકે છે. જેને ધ્યાને લઇ એજન્સીએ ભાવ ભરવાનાં રહેશે. કરારખત બાદ આ બાબતની કોઇ દલીલ સ્વીકાર્ય રહેશે નહિ.

**(૧૩) એજન્સીએ જે તે ઇન્ચાર્જ સેકશન ઓફીસરના સંપર્કમાં રહી સેકશન ઓફીસરની ટેલીફોનિક મેસેજ / ઈમેઈલ / વોટસઅપ / કાગળથી સુચના મળ્યે જે તે ફરીયાદ તાત્કાલીક ૨૪ કલાકમાં પુર્ણ કરવાની**

**રહેશે. આ માટે એજન્સીએ કરારખત સમયે ટેલીફોનિક / મોબાઈલ / વોટસઅપ નંબર જે ૨૪ કલાક ચાલુ સ્થિતીમાં હોય તે આપવાનો રહેશે. જો તે આમ કરવામાં નિષ્ફળ જશે તો કરારખતનાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ માટે એજન્સીને કોઈ પ્રિ-નોટીસ આપવામાં આવશે નહિ તેમજ આ બાબતે સમયસર કામ ન પુરુ થયાની દલીલો સ્વીકારવામાં આવશે નહિ.**

(૧૪) ઇજાદારશ્રીએ કરાર કરતા પહેલા સાઇટનું અવલોકન કરી કરાર કરવાના રહેશે. ત્યારબાદ પર વિવાદને ગણતરીમાં લેવામાં આવશે નહિ કાર્યકાળ પૂર્ણ થાય ત્યારે પણ દરેકે દરેક પંખાને ચાલુ કંડીશનમાં વિભાગને પરત આપવાના રહેશે. ઇજાદારશ્રીએ દર ત્રણ મહિને પંખાની મરામતની કામગીરી જેવી કે, બેરીંગ ચેક કરવાનુ, ઓઇલ/ગ્રીસ કરવાનુ વગેરે કરવાની રહેશે.ઇજાદારશ્રીએ પંખા રીપેરીંગ માટેની લોગબુક નિભાવવાની રહેશે.

**(૧૫) ઇજાદારશ્રીએ હયાત સાઇટ પર લાગેલ કોઈપણ મેઈકની કંપનીના કોઈપણ કલર કે કોઈપણ વાઇન્ડીંગના પંખા રીપેર કરવાના રહેશે. જેમાં કોઈપણ દલીલ સ્વીકાર્ય રહેશે નહી. આ બાબતને ધ્યાને લઈને ઈજાદારશ્રીએ ભાવ ભરવાના રહેશે.**

**(૧૬) ઈજદારશ્રીએ લોકેશન શીટમાં દર્શાવેલ તમામ સાઇટ તથા લોકેશન શીટમાં દર્શાવેલ સંખ્યા માટે AMC નિભાવવાની રહેશે, તેના માટે અલગથી કોઈ ચુકવણું કરવામાં નહી આવે. આથી આ બાબતને ધ્યાનમાં રાખી ટેન્ડર રેટ ભરવા.**

| ઈજારદારની સહી | નાયબ કાર્યપાલક ઇજનેર | કાર્યપાલક ઇજનેર |
|---|---|---|
| | વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ | વિદ્યુત (મા અને મ) વિભાગ |
| | ભાવનગર | ભાવનગર |